ક્રમાંક : જમન/ ટે.૨૯-બી/ બ/ ૯૧૧-૧૩/ ૨૦૧૬-૧૭

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા ૧૦ / ૦૨/ ૨૦૧૭.

વિષય: Diversion of Ha. **8.0224** of Reserved Forest land for Construction Charanka Distry, Patanka Distry, Garamdi Distry, Parsund Distry, & their minors off taking from Kachchh Branch Canal. Dist. Patan.

સંદર્ભ: આપના પત્ર ક્રમાંક: અ/જમન/ટે.૧૨/૧૮૭૭-૭૮/૨૦૧૬-૧૭, તા.૨૪/૦૧/૨૦૧૭.

ઉપરોક્ત વિષય સંદર્ભ દર્શિત પત્રથી વનસંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની વન જમીનના ડાયવર્ઝનની હે. ૮.૦૨૨૪ ની સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્ત ની અત્રેથી ચકાસણી કરતા તેમા નીચે મુજબની અધુરાશ જણાય છે. તેથી તેની પૂર્તતા પૂર્ણ કરી ચાર પ્રતમાં અહેવાલ સાદર કરવો. આ સાથે અસલ ફાઈલ-ચાર પ્રતમાં પરત કરવામાં આવે છે.

(૧) એનેક્ષર-૧૭ મુજબ ના.વ.સં.શ્રી દ્વારા કરવામાં આવેલ સાઈટ ઈન્સ્પેક્શન રીપોર્ટ ભારત સરકારશ્રી દ્વારા નિયત કરેલ નવા નમૂનામાં તૈયાર કરેલ નથી, તેથી અત્રેના પત્ર- જમન/૨૯-બી/બ/૧૯૭૧-૨૦૪૦/૨૦૧૬-૧૭, તા.૦૧-૦૬-૨૦૧૬ જણાવ્યા પ્રમાણે તૈયાર કરી દરખાસ્તમાં સાદર કરવો.

(૨) એનેક્ષર-૧૮ મુજબ વળતર વનીકરણ માટે પસંદ કરવામાં આવેલ બીન જંગલ જમીન વિસ્તારના સર્વે નંબર, ગામ, તાલુકો, જિલ્લાની વિગતો અને તેના તમામ ખુણાના GPS રીડીંગ દર્શાવતો નક્શો દરખાસ્તમાં સામેલ રાખેલ નથી. તેથી તૈયાર કરી દરખાસ્તમાં સાદર કરવો.

(3) વેબ પોર્ટલ માં પાર્ટ-૧ માં અપલોડ કરેલ KML ફાઈલ Segments 1 to 5 માં દર્શાવેલ વિસ્તાર હે. ૮.૦૧૪૧૩૭ દર્શાવેલ છે. જ્યારે માંગણી હેઠળ નો વિસ્તાર હે. ૮.૦૨૨૪ છે. જેથી આમાં તફાવત જણાય છે. જે તફાવત હે. ૦.૦૦૮૨૬૩ જણાય છે, તેથી તેની સ્પષ્ટતા સાથે પુર્તતા કરવી.

(૪) વેબ પોર્ટલમાં પાર્ટ-૨ અપલોડ કરવાના બદલે અન્ય ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં આવેલ છે, તેથી ખરેખર પાર્ટ-૨ અપલોડ કરવાનું થાય છે.

(૫) ચેકલીસ્ટ મુજબ દરખાસ્તમાં તમામ પાના નંબર પેન્સીલથી લખવામાં આવેલ છે, જે બરાબર નથી તેથી પેન્સીલની જગ્યાએ પેનથી નંબર આપવા.

( અક્ષય કે.સક્સેના )
અધિક અગ્ર મુ.વ.સં.
જમીન
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી
કચ્છ વન વર્તુળ, ભુજ .

નકલ રવાના: ના.વ.સં.શ્રી પાટણ વન વિભાગ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

નકલ રવાના: કાર્યપાલક ઈજનેરશ્રી, કચ્છ બ્રાન્ચ કેનાલ, ડિવિઝન, ૧/૭, નર્મદા કોલોની, મહેસાણા રોડ, રાધનપુર – ૩૮૫૩૪૦ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.